ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# સેક્ટર-૭સીની ૭ હોસ્પિટલને ફાયરની નોટીસ

## ફાયર એનઓસી મુદ્દે ઢીલ મુકાશે તો લાઈટ-પાણીના કનેકશન કાપવામાં આવશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી ફાયર સેફટી મુદ્દે ઝુંબેશ હાથ ધરાઈ છે. જે અંતર્ગત આજે શહેરના સેક્ટર-૭ ના રહેણાંક વિસ્તારમાં ધમધમતા ૭ દવાખાનાને ફાયર એનઓસી અંગે નોટીસ પાઠવવામાં આવી છે. આ નોટીસમાં ફાયર સેફટીના સાધનો વસાવી લેવા અને ફાયર સેફટીની સિસ્સટમ કાર્યરત ન હોય તો તેને તાત્કાલીક કાર્યરત કરી એનઓસી મેળવી લેવા તજવીજ હાથ ધરવા તાકીદ કરાઈ છે. જો નોટીસ મળ્યા બાદ પણ દવાખાનાધારકો ફાયર એનઓસી અંગે ઢીલાશ રાખશે તો તંત્ર દ્વારા દવાખાનાના પાણી-વિજળીના કનેકશન કાંપી નાંખવામાં આવશે.




પ્રાપ્ત માહિતી મુજબ રાજયના પાટનગરમાં જ ફાયર એનઓસી વિના ધમધમતા એકમો સામે તંત્ર દ્વારા લાલ આંખ કરવામાં આવી છે. જેમાં તાજેતરમાં શહેરના ચાર વાણીજય કોમ્પ્લેક્ષ સામે સીલીંગની કાર્યવાહી કરવામાં આવતા વેપારીઓ અને ઓફિસધારકોમાં ચિંતામાં મુકાઈ ગયા હતા. ત્યારે ફાયર વિભાગે ૪ સરકારી સહિત ૨૭ રેસીડેન્સીયલ-કોમર્શિયલ કોમશીયલ બિલ્ડીંગ તેમજ ૧૬ દવાખાનાને પણ નોટીસ આપી છે. ત્યારે શનિવારના રોજ પણ ફાયર વિભાગની ઝુંબેશ યથાવત રહેવા પામી છે.સેક્ટર-૭ ખાતે રહેણાંક વિસ્તારમાં ધમધમતા દવાખાનાને ફાયર વિભાગ દ્વારા ફાયર એનઓસી મુદ્દે નોટીસ આપી ૧૦ દિવસનો સમય આપ્યો છે. જો દવાખાનાધારકો સમયમર્યાદામાં ફાયર મુદ્દે કોઈ કામગીરી કરશે નહી તો તંત્ર દ્વારા તેઓના લાઈટ-પાણીના કનેકશન કાંપી નાંખવા સુધીના આકરા પગલા લેવામાં આવશે. આ અંગે ચીફ ફાયર ઓફિસર મહેશ મોડે જણાવ્યું છે કે ઘણા એકમોમાં એવુ જોવા મળ્યું છે કે ફાયર સિસ્ટમ વસાવેલી હોય અને એકવાર એનઓસી લીધુ પણ હોય પરંતુ પછી તે સાધનોની યોગ્ય મરામત કે જાળવણી કરાતી નથી. અને તે સાધનોમાં પંપ કાટ ખવાઈ ગયા હોય કે જામ થઈ ગયા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. આ પ્રકારની ફાયર સિસ્ટમ ખરા સમયે ઉપયોગમાં આવતી નથી. તેથી અમે આ ડ્રાઈવ હાથ ધરી છે. જેમાં અમે દરેક દિવસનો સમય આપીશું. ત્યાં સુધીમાં જો સિસ્ટમ કાર્યરત કરીને ફાયર એનઓસી મેળવી લેવામાં નહી આવે તો ના છુટકે તેના પર આકરા પગલા ભરાશે.

### કઈ-કઈ હોસ્પિટલને નોટીસ અપાઈ

- નારાયણી ઈએનટી હોસ્પિટલ, એસટી ડેપો સામે
- કલ્પ ચિલ્ડ્રન હોસ્પિટલ, પ્લોટ નં.૯૪૯-૧
- શેખાત મેટરનિટી હોમ પ્લોટ નં.૯૫૦-૨
- ગીતા ગાયનેક હોસ્પિટલ પ્લોટ નં.૯૪૮-૨
- અક્ષર હોસ્પિટલ પ્લોટ નં.૯૩૭-૨
- નવજીવન હોસ્પિટલ પ્લોટ નં.૯૦૦-૨
- શારદા મેડીકલ અને નર્સિંગ હોમ પ્લોટ નં.૯૦૪-૧

# જિલ્લામાં કોરોનાના નવા ૨૬ કેસ

### કલોલમાં ૯, ગાંધીનગરમાં ૨, દહેગામમાં ૧ તો માણસામાં ૨ કેસ : સેક્ટર-૨૨માં બે કેસ સહિત નવા ૧૨ કેસ નોંધાયા : ૪૨ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ યથાવત રહેવા પામ્યો છે. આજે પણ જિલ્લામાં ૩૦ થી નીચે કેસો મળી આવતાં તંત્રએ રાહત અનુભવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ કેસ અને શહેરમાં ૧૨ નવા કેસ મળી આવ્યા છે. આજે સંક્રમિત થનાર દર્દીઓ કરતા રિકવરી પ્રાપ્ત કરી અને ડીસ્ચાર્જ મેળવનાર દર્દીની સંખ્યા મોટી છે. આજે જિલ્લામાં ૪૨ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારોમાં અંતરિયાળ ગામોમાંથી કેસો મળવાને લઈ તંત્ર ચિંતીત છે. જોકે પરિસ્થિત નિયંત્રણમાં હોવાનો દાવો તંત્રના સૂત્રો કરી રહ્યા છે.

જિલ્લામાં આજે નોંધાયેલા ૧૪ કેસમાં ૬ મહિલા દર્દીઓ છે. આજે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પાંચ દર્દીઓને સઘન સારવાર જરૂરી હોવાનું જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા દર્દીઓમાં બે દર્દી ૭૦થી વધુ વયના છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે કેસો નોંધાયા છે તેમાં ગાંધીનગરમાં ૨, દહેગામમાં ૧, માણસામાં ૨ અને કલોલમાં નવ કેસનો સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના સુઘડ અને સરગાસણ ગામેથી આજે કેસો મળી આવેલ છે. દહેગામ તાલુકામાં સાંપા ગામેથી ૭૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

માણસા તાલુકાના પ્રેમપુરા વેડા ગામેથી ૭૩વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરેલ છે. આ ઉપરાંત વેડા ગામેથી પણ ૫૭ વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝિટિવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે નવ કેસ નોંધાયા છે. જેમાં બોરીસણા, લીંબોદરામાંથી કેસો મળ્યા છે. આ ઉપરાંત મોટી ભોંયણ ગામેથી બે, નારદીપુરના મંગલ જીવન વૃદ્ધાશ્રમમાંથી પણ વધુ બે કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી બે કેસ અને કલોલ અર્બન-૨માંથી એક કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કેસોની સંખ્યા વધતાં તંત્ર સતર્ક બન્યું છે અને ગ્રામ્ય વિસ્તારમાં સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ આપી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોમાંથી આજે વધુ ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૩૬૦૬ દર્દી કોરોના મુક્ત થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

## નવા સેક્ટરોમાં પાણી ડહોળું અને ઓછા ફોર્સથી આવી રહ્યાની ફરિયાદો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના નવા કેસ સેક્ટરોમાં ડહોળુ પાણી આવતી હોવાની ફરિયાદો વ્યાપક બની છે અને આ મુદ્દે લોકોમાં રોષની લાગણી ઉભી થવા પામી છે.

વાલ્વ રિપોરીંગ કરવાને લઈ એક દિવસ માટે પાણીનો પુરવઠો આપવામાં આવ્યો ન હતો પરંતુ આ પછી નવા સેક્ટરોમાં ડહોળા પાણીની સમસ્યા ખૂબ જ વકરી જવા પામી છે. સપ્ત ડહોળું પાણી આવતાં સેક્ટરોમાં રોષની લાગણી ઉભી થઈ છે.

સે.પ, ૭ અને સે.૨માં પુરા ફોર્સથી પાણી ન આવતું હોવાની ફરિયાદ પણ ઉઠી છે. સે.૨માં તો ડહોળા પાણીમાં વાસ મારતી હોવાની ફરિયાદો ચ-૨ના કોર્નર પર આવેલ સોસોયટીઓમાં વ્યાપક ઉઠવા પામી છે.

એક તરફ કોરોના કહેર વચ્ચે ડહોળા પાણીની સમસ્યાથી ભડકેલા નગરજનો હવે શહેરમાં પાણી જન્ય રોગચાળો તો નહિ થાયને તેવી વાતને લઈ ચિંતાનો વ્યક્ત કરી રહ્યા છે.

રાજ્યના પાટનગરમાં જ પેયજળનો શુદ્ધ પુરવઠો મળતો નથી તો ગ્રામ્ય વિસ્તારમાં શું સ્થિતિ હશે તે સમજાતું નથી તેવી વાતોએ પણ લોકજીભે સ્થાન લીધું છે.

ચોમાસા પછી ડહોળું પાણી આવે થોડો સમય તે વાત માટે કેનાલમાં પાણી છોડવામાં આવી રહ્યાની વાતને આગળ કરી તંત્ર હાથ ઉંચું કરતું રહ્યું છે પણ હાલ શિયાળાની આ સિઝનમાં ડહોળું પાણી કેમ આવે છે તેનો જવાબ તંત્રના અધિકારીઓ પાસે નથી.

સે.૨, ૩, પમાં ઓછા ફોર્સથી પાણી મળતું હોવાની ફરિયાદને કારણે વસાહતીઓને ટેન્કર મંગાવવાની પણ ફરજ પડી રહી છે.

## હાઉસ ટુ હાઉસ સર્વેમાં સે.૪એમાં કેટલાક વિસ્તારમાં ઓરમાયું વર્તન તંત્રએ દાખવ્યું

ગાંધીનગર, તા.૨૬

કોરોના વેક્સિન અંગે કરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેમાં સે.૪એના કેટલાક વિસ્તારને ટાળવામાં આવ્યો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

રાજ્ય સરકારે ૨૩મી ડિસેમ્બર સુધીમાં સર્વે પૂર્ણ કરવાના આપેલા લક્ષ્યાંક પછી ઉભડક સર્વે તંત્ર દ્વારા કરવામાં આવ્યાનું આ વિસ્તારના લોકો કહી રહ્યા છે.

સર્વેમાં આવેલા કર્મયોગીઓએ કેટલાક સેક્ટરોમાં તો આધાર કાર્ડના નંબરો પણ માગ્યા હોવાની વાતો બહાર આવી છે. તો કેટલાક સેક્ટરોમાં માત્ર નામ લખીને ગયાની વાતો પણ નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બની છે.

શહેરમાં ૫૦થી ઓછી વયના કો-મોર્બિડ દર્દીઓને શોધી અને તેમની યાદી આ સર્વે દરમિયાન તૈયાર કરવાની સૂચના તંત્રએ આપી હતી. શહેરના કેટલાક સેક્ટરોમાં પૂરેપૂરો સર્વે નહિ થયાની ફરિયાદો પણ ઉઠી છે.

જો કે તંત્રના સૂત્રોના જણાવ્યા મુજબ સર્વે સંપન્ન થઈ ગયો છે અને ૫૦થી નીચેની વયના ૧૮૦૦ જેટલા કો-મોર્બિડ દર્દીઓની યાદી તૈયાર કરવામાં આવી છે.

## જિલ્લામાં ધોરણ-૩ થી ૮ના ૭૦ હજારથી વધુ વ્દ્યાર્થીઓની ૩૦-૩૧ ડિસેમ્બરના રોજ એકમ કસોટી

ગાંધીનગર, તા.૨૬

આગામી તા.૩૦ અને ૩૧ ડિસેમ્બર દરમિયાન જિલ્લામાં ધોરણ-૩ થી ૮ના બાળકોની એકમ કસોટી યોજવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારી કરી લેવામાં આવી છે.

આ શૈક્ષણિક વર્ષમાં આ પાંચમીવાર એકમ કસોટીનું આયોજન કરાયું છે. આ અગાઉ જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર અને ઓક્ટોબર માસમાં આવી એકમ કસોટીનું આયોજન કરાયું હતું.

આ એકમ કસોટીમાં તા. ૨૯-૧૨-૨૦૨૦ સુધીમાં વિદ્યાર્થીઓ સુધી હાર્ડ કોપી અથવા સોફ્ટ કોપી શિક્ષકો દ્વારા પહોંચાડી દેવામાં આવશે. ગણિત અને ગુજરાતી ભાષાની આ એકમ કસોટી યોજવામાં આવનાર છે. આ ઉત્તરવહીઓ શિક્ષકો ૬ જાન્યઆરી સુધીમાં પર મેળવી લેશે.

જિલ્લામાં આ એકમ કસોટી ૭૦ હજારથી વધુ વિદ્યાર્થીઓની યોજાવાની છે. એકમ કસોટીની કોપી વિદ્યાર્થી તેની અનુકૂળતાએ વાલીની હાજરીમાં ઉત્તરવહીમાં લખે તે હિતાવહ હોવાનું અને ૬ જાન્યુઆરી સુધીમાં વાલી જ શાળાએ પહોંચતી કરે તેવું આયોજન છે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

# 'ચલો ખેતરે-ચલો ગામ' - કોંગ્રેસનું અભિયાન

### ૧લી થી ૧૦ જાન્યુઆરી જિલ્લાના કાર્યકરો ખેડૂત જાગૃતિ અભિયાન ચલાવશે : કેન્દ્ર સરકાર કંપનીરાજ તરફ આગળ વધી રહી છે : ચાવડા

ગાંધીનગર, તા.૨૬

આગામી ૧લી જાન્યુઆરીથી ૧૦ જાન્યુઆરી દરમ્યાન કોંગ્રેસના કાર્યકરો ગામે ગામ અને ખેતરે ખેતરે ફરી કેન્દ્ર સરકારના કૃષિ કાયદાઓ સામે ખેડૂત જાગૃતિનું એક સઘન અભિયાન હાથ ધરશે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમીત ચાવડાએ આજે જાહેર કર્યું છે.

ગાંધીનગર જિલ્લાના પ્રાંતિયા ગામે આજે ખેડૂત સંવાદ કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા પ્રદેશ પ્રમુખે આ જાહેરાત કરી કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિની ઝાટકણી કાઢી હતી.

તેમણે આજે ખેડૂત સંવાદમાં ઉપસ્થિત રહેલા ખેડૂતો સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, 'માનો કે કાયદાઓ ખેડૂતોના હિતમાં છે તેવું કેન્દ્ર સરકાર કહે છે તો શા માટે લાખો ખેડૂતા છેલ્લા ૩૦ દિવસથી આંદોલન કરી રહ્યા છે? શા માટે કેન્દ્ર સરકાર ખેડૂતો સાથે વાતચીત કરતી નથી? શા માટે ખેડૂતોની માંગણીઓનો સ્વિકાર કરવામાં આવતો નથી.' તેમણે કેન્દ્ર સરકારની ખેડૂત વિરોધી નીતિ અને કંપનીરાજ તરફ આગળ વધી રહી હોવાનો ગંભીર આક્ષેપ પણ કર્યો હતો.




આ ખેડૂત સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ પ્રમુખ સાથે વિધાનસભાની જાહેર હિસાબ સમિતિના ચેરમેન અને સિનીયર ધારાસભ્ય પુંજાભાઈ વંશ અને ધારાસભ્ય બાબુભાઈ વાજા પણ ઉપસ્થિત રહ્યા હતા.

પુંજાભાઈએ પણ ખેડૂતોને નવા કાયદાઓથી થનારા નુકશાન અંગેની વિસ્તૃત જાણકારી આપી હતી.

કોંગી નેતાઓએ ખેડૂતો સાથે ખાટલા બેઠક યોજી અને ખેડૂતો પાસેથી રવિ સીઝનની વાવણી તેમજ ખેડૂતોના પ્રશ્નો અંગેની જાણકારી પણ મેળવી હતી.

જિલ્લા પંચાયતના પૂર્વ ચેરમેનશ્રી અરવિંદસિંહ સોલંકીના નિવાસસ્થાનથી થોડેક દૂર ખેતરમાં ખાટલામાં બેસીને પ્રદેશ પ્રમુખે ખાટલામાં બેઠેલા ખેડૂતો સાથે વાતચીત કરી હતી. આ પ્રસંગે પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા, ધારાસભ્યો પુંજાભાઈ વંશ અને બાબુભાઈ વાજા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, પ્રદેશ મહામંત્રી નિશિત વ્યાસ, પ્રદેશ નિરિક્ષક વંદનાબેન પટેલ, કામિનીબા રાઠોડ,જયદીપસિંહ ઠાકોર, પ્રવિણસિંહ ઠાકોર, શનાભાઈ ચૌધરી, જગતસિંહ ચૌહાણ, અરવિંદસિંહ સોલંકી, ભાવિનસિંહ ઠાકોર, જીતેન્દ્રસિંહ સોલંકી, ગોપાલજી ઠાકોર, નરેશકુમાર ઠાકોર, સુહાગ પંચાલ, સુરેશ ચૌધરી, ચીમનભાઈ વિઝુંડા, ધુળાજી ઠાકોર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ફાર્મ વેચવાનું છે
૯ વિઘા આમળાના ૫૦૦ ઝાડ, પોતાનો ટ્યુબવેલ, ડ્રિપ ઈરીગેશન, ફેન્સીગ લેવલવાળું, જુની શરતનું, ટાઈટલ ક્લીયર ફાર્મ
મું.નાની માછંગ, સર્વે નં.૧૭, રખીયાલથી ૧૦ કિ.મી. ગાંધીનગરથી ૫૦ કિ.મી., તા.દહેગામ, જી.ગાંધીનગર
સંપર્ક : 98250 41982

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૫૯૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com